Extra No. 272

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **SATURDAY, JULY 19, 2025 / ASHADHA 28, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખ: ૧૨મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીઆર/૨૦૨૫/૮૦/એલઇડી/ડબલ્યુઆરટી/ઇ-ફાઇલ/૧૧/૨૦૨૩/૧૬૪૧/એમ.૧-સેક્શન. નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Law Officer, Industrial Safety and Health, Class I in Gujarat Industrial Safety and Health Service, Recruitment Rules, 2025

ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, કાયદા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીઆર/૨૦૨૫/૮૦/એલઈડી/ડબલ્યુઆરટી/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૩/૧૬૪૧/એમ.૧-સેક્શન:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, કાયદા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, કાયદા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, કાયદા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧ની જગા પરની નિમણૂક, જેણે,-

(૧) ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામકની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, કાયદા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછું આઠ વર્ષ કામ કરેલું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ગણાવા માટેના વિચારણાના ક્ષેત્રની અંદર, "સારા" નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગગુભા રાજ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.23 22:03:59 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar